# મે. જુનાગઢના વર્કમેન કોમ્પેન્સેશન કમિશ્નરશ્રી,સમક્ષ

**એગ્રીમેન્ટ અરજી નં.૪/૨૦૨૬**

**આંક–૧૪**

**અરજદાર :** પારસકુમાર અવધેશસીંહ,
રહે.મૂ. બરૂણ, પોસ્ટ ફતવા,
જી.પટના બિહાર

**–:: વિરૂધ્ધ ::–**

**સામાવાળાઓ :** (૧) મારવેલ ઈન્ટરનેશનલ,
સર્વે નં.૩૧૩ (જુનો નં.૨૮)
ટોરેન્ટ ફાર્મા લિમિટેડના રોડની બાજુમાં,
મહાલક્ષ્મી સ્ટીલ સામે, અમદાવાદ મહેસાણા હાઈવે,
ચાંદસણા, દેત્રોજ, ગુજરાત.
(૨) ધી ન્યુ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કું. લી.,
જુનાગઢ.

| | | |
|---|---|---|
| હાજર રહયા : | અરજદાર તરફે | :– વિ.વ.શ્રી એ.કે.સોલંકી. |
| | સામાવાળા નં. ૧ તરફે | :– ગેરહાજર |
| | સામાવાળા નં. ૨ તરફે | :– ગેરહાજર |

**– : : હુકમ : : –**

**(૧)** આ કામના અરજદાર સામાવાળા નં.૧ માં ફરજ બજાવતા હતા તે દરમ્યાન અકસ્માતે ઈજા થયેલ છે અને સામાવાળા નં.૧ નાએ સામાવાળા નં.ર પાસેથી કામદારનો વીમો લીધેલ હોઈ સામાવાળા નં.ર વીમા કંપની દ્વારા અરજદાર/ કામદારને ઈજા સંદર્ભેના વળતરની રકમ રૂા.૩૯,૮૪૬/– અત્રેની કચેરીમાં ડીપોઝીટ કરાવેલ છે જે સામાવાળા નં.ર ના આંક–૧ ના પત્ર સાથે તથા આંક–ર ના લીસ્ટથી ફોર્મ–એલ તથા ફોટોગ્રાફ, કલેઈમ ફોર્મ, મેડીકલ રીપોર્ટની કોપી, આધારકાર્ડ, વેઈઝ રજીસ્ટર અને મસ્ટર રોલની કોપી રજુ થયેલ છે. વધુમાં સામાવાળા નં.ર દ્વારા જમા કરાવેલ રકમ અત્રેની કચેરીના પી.એલ. એકાઉન્ટમાં જમા થતા, બંને પક્ષોને નોટીસ કાઢવામાં આવેલી. જે નોટીસ અરજદારને બજી જતાં અરજદાર અને તેમના વિ.વ.શ્રી હાજર થયેલ છે તેમજ અરજદારે આંક–૧૧ ની અરજી રજુ કરી તેઓ સામાવાળા નં.૧ માં

ફરજ બજાવતા હતા તે દરમ્યાન અકસ્માતે ઈજા થયેલ છે. સામાવાળા નં.ર વીમા કંપની ધ્વારા વળતરની રકમ રૂા.૩૯,૮૪૬/– જમા કરાવેલ છે તે રકમ તેઓને કબુલ મંજુર છે અને વિમા કપંનીએ જમા કરાવેલ રકમ ખુબ જ નાની હોય જેથી અરજદારને પુરેપુરી રકમ રોકડમાં ચુકવવા હુકમ કરવા અરજ કરેલ છે. વધુમાં અરજીના સમર્થનમાં આંક–૧ર થી સોગંદનામુ રજુ કરી અરજદારએ વળતરની રકમ મેળવવા માટે અન્ય જગ્યાએ કોઈ અરજી કેસ કે દાવો કરેલ ન હોવાનુ તેમજ ભવિષ્યમાં કરવા માંગતા ન હોવાનુ તેમજ વળતરની રકમ સિવાય કોઈ વ્યાજ, પેનલ્ટી કે ખર્ચની રકમ મેળવવા માંગતા ન હોવાનુ કબુલ કરેલ છે. વધુમાં આંક–૧૩ ના લીસ્ટથી અરજદારના આધારકાર્ડની નકલ,રજુ થયેલ છે. જયારે સામાવાળા નં.૧ નાઓને નોટીસ કરેલ છે પરંતુ કોઈ હાજર થયેલ નથી. જયારે સામાવાળા નં.ર તરફે નોટીસ બજી જવા છતા કોઈ હાજર રહેલ નથી.

(ર) આમ હવે જયારે સામાવાળા નં.ર ધ્વારા વળતરની રકમ અત્રેની કચેરીમાં કામદારને ચુકવવા અર્થે જમા કરાવેલ હોઈ અને એગ્રીમેન્ટ નોંધવા અરજી કરેલ હોઈ તથા કામદારને તે સંદર્ભે કોઈ વાંધો–હરકત ન હોઈ તેમજ તે રકમ તેઓને કબુલ મંજુર હોઈ, આ કામે જમા થયેલ રકમ અરજદારને ચુકવવામાં આવે તો સામાવાળાની ગેરહાજરી સબબ સામાવાળા નં.૧ ને વાંધો ન હોવાનુ માનવામાં આવે છે. તે સંજોગોમાં રજુ કરવામાં આવેલ એગ્રીમેન્ટ નોંધવાનો હુકમ કરવાનો થાય છે તથા જમા થયેલ વળતરની રકમ અરજદારને ચુકવવાની થાય છે. આમ, અરજદારે કરેલ અરજી તથા રેકર્ડ પર રજુ થયેલ પુરાવાઓ વંચાણે લેતા અરજદારે પુરેપુરી રકમ રીલીઝ કરવા જણાવેલ છે જે અંગે તો અરજદારની જમા થયેલ રકમ ખુબ જ નાની હોય અને અરજદાર બહારના રહેવાસી હોય, તેઓને વારંવાર આવક જાવકનો ખર્ચ થઈ શકે તેમ હોવાનુ જણાય આવે છે. જેથી તેઓની રજુઆત અંગે માનવીય અભિગમ દાખવી, કુદરતી ન્યાયના સિધ્ધાંતને ધ્યાને રાખી, ન્યાયના હીતમાં અરજદારને એફ.ડી.ની વ્યાજ સહીતની રકમ પુરેપુરી એકાઉન્ટ પેઈ ચેકથી રોકડમાં ચુકવવાનું ન્યાયોચીત જણાતુ હોય, જેથી ન્યાયના વિશાળ હીતમાં અરજદારની અરજી મજુર થવા પાત્ર હોય, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– : : હુકમ : : –**

(૧) આ કામમાં આંક–૧ ની અરજી સાથે રજુ કરેલ મેમોરેન્ડમ ઓફ એગ્રીમેન્ટ વ.કો. એગ્રીમેન્ટ નં.૦૪/૨૦૨૬ આથી રજીસ્ટર્ડ કરવાનો અને સામાવાળા નં.૨ ધ્વારા જમા કરાવેલ વળતરની રકમ રૂા.૩૯,૮૪૬/– કે જે ઈન્ડીયન બેંક, જુનાગઢમાં એફ.ડી. નં.૦૦૨૬૨૬૫ થી તા.૨૪/૩/૨૦૨૬ થી તા.૨૩/૦૩/૨૦૨૭ સુધી કમિશ્નર ફોર વ.કો. અને જજ લેબર કોર્ટ, જુનાગઢના નામે જમા છે તે રકમ ઈજા પામનાર અરજદાર/કામદાર પારસકુમાર અવધેશસિંહને આજદિન સુધી જમા થયેલ વ્યાજ સહીતની રકમ અરજદારની યોગ્ય ઓળખાણ લઈ, એકાઉન્ટ પેઈ ચેકથી ચુકવવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૨) હુકમ અન્વયે લગત બેંકને જરુરી યાદી કરવી.

હુકમ આજ રોજ તારીખ ૦૧ મી, માહે. ઓગષ્ટ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

જુનાગઢ.
તા.૦૧/૦૮/૨૦૨૬

**(જે.એસ.જાદવ)**
કમિશ્નર ફોર વર્કમેન કોમ્પેન્શેશન એકટ
એન્ડ જજ (જુ.ડી.) લેબર કોર્ટ,
જુનાગઢ. (જીજે.૦૧૪૨૪)